





# મોડાસામાં દલિત સમાજની રેલીમાં સર્જાયેલ વિવાદ સામે વેપારી એસોસિએશન દ્વારા સજ્જડ બંધ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં બુધવારના રોજ ઉના તાલુકાના સામઢીયાળા ગામે દલિત યુવાનો પર થયેલા અત્યાચારના પગલે અરવલ્લી જિલ્લાના દલિત સમાજ દ્વારા સાંતિપૂર્વક રેલી યોજી દલિત પેન્થર સમાજ દ્વારા અપાયેલ ગુજરાત બંધના એલાનના પગલે બંધ કરવા નીકળેલા ટોળા અને વેપારીઓ વચ્ચે ઝપાઝપી થતા વેપારીઓના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અને ભવિષ્યમાં કોઈ પણ સમાજ કે પક્ષ દ્વારા અપાનાર બંધના એલાન વખતે આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે વેપારીઓએ આપેલા મોડાસા બંધના એલાનમાં મોડાસા શહેરમાં વેપારીઓએ સજ્જડ બંધ પાળ્યો હતો. મોડાસા શહેરમાં ગતરોજ દલિત સમાજના અગ્રણીઓ અને યુવાઓ દ્વારા મોડાસા શહેરના ચાર રસ્તાથી બસ સ્ટેન્ડ વિસ્તાર સુધી રેલી નિકળવામાં આવી હતી અને દલિત પેન્થર સમાજ દ્વારા અપાયેલા ગુજરાત બંધના એલાનના પગલે દલિત સમાજના યુવાનો દ્વારા મોડાસા શહેરમાં દુકાનો બંધ કરાવવા નિકળતા કેટલાક વેપારીઓ સાથે દુકાન બંધ કરવાના મામલે રકઝક તેમજ દુકાન બંધ કરાવવા માટે દુકાનમાં તોડફોડ કરવામાં આવી હોવાનું વેપારીઓ દ્વારા જણાવવામાં આવતા અને કેટલાક વેપારીઓ સાથે મારામારી થતા આ ઘટનાના પગલે મોડાસા વેપારી એસોસીએશન દ્વારા મોડાસા બંધનું એલાન આપતા મોડાસા શહેરમાં સજ્જડ બંધ પાળવામાં આવ્યો હતો. તેમજ મોડાસા શહેરના વેપારીઓ દ્વારા મોડાસા શહેરમાં રેલી યોજી ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું તેમજ વેપારીઓ દ્વારા પોલીસતંત્ર સામે આંગળી ચીંધતા પોલીસ તંત્રની નિષ્ક્રિયતાને જવાબદાર ગણાવી જણાવ્યું હતું કે દલિત સમાજના ટોળા અને વેપારીઓ વચ્ચે થયેલી મારામારીમાં સ્થાનિક પીઆઈ અને પોલીસનો કાફલો હાજર હોવા છતાં દલિત યુવાનોને કાબુમાં લેવાના બદલે મૂક પ્રેક્ષક બની તમાશો જોઈ રહેતા વાત વણસી હતી. તેમજ વેપારીઓ સામે ખોટી ફરિયાદ દાખલ કરવામાં પોલીસે પક્ષપાતભર્યુ વર્તન કરતા વેપારી મંડળે હિંદુ-મુસ્લિમ કોમના તમામ વેપારીઓ સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### પાલનપુર માર્કેટયાર્ડની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ

જિલ્લામથક પાલનપુરમાં આવેલ પાલનપુર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સંચાલક મંડળની મુદત પુરી થવાની સાથે નવા સંચાલક મંડળ માટે ચૂંટણી જાહેર થઈ છે ત્યારે આજથી નવાગંજ બજાર ખાતે ઉમેદવારી ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફોર્મ ભરવાના પ્રથમ દિવસે વર્તમાન ચેરમેન વીરજીભાઈ જુંડાલ સહિત વેપારી તેમજ ખેડૂત વિભાગના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી ફોર્મ જિલ્લા રજીસ્ટર સમક્ષ રજુ કરી માર્કેટયાર્ડની ચૂંટણીના શ્રી ગણેશ કર્યા છે. જો કે આ વખતે પાલનપુર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણીમાં બે પેનલો મેદાનમાં ઉતરી છે. જેમાં કુલ ૧૪ ઉમેદવારોની બેઠક પર ચૂંટણી જંગ જામશે તેવી શક્યતા વર્તાઈ રહી છે. પાલનપુર નવા ગંજ બજાર ખાતે આજ રોજ વર્તમાન ચેરમેન વીરજીભાઈ જુંડાલ તેમની વેપારી અને ખેડૂત હિત રક્ષક સમિતિ પેનલના ઉમેદવારોએ ઉમેદવારી પત્રો જિલ્લા રજીસ્ટારને રજુ કર્યા હતા. મીડિયા સાથેની વાતચીતમાં વીરજીભાઈ જુંડાલે જણાવ્યું હતું કે છેલ્લા ચાર વર્ષના માર્કેટયાર્ડ ચેરમેન તરીકેના કુશળ વહીવટને વેપારીઓ અને ખેડૂતો મારા મત પર વિશ્વાસ મુકશે તેવો ભરોશો વ્યક્ત કર્યો હતો.

### બામણા કોલેજમાં કવિ ઉમાશંકર જોષીની જન્મજયંતી ઉજવાઈ

સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બામણા, શ્રી ડી.એમ.બી.પી. હાઈસ્કુલ, પ્રાથમીક શાળાના સંયુક્ત ઉપક્રમે કવિ ઉમાશંકર જોષીની ૧૦૬મી જન્મજયંતીએ કવિનું જીવન સંભારણું અને



કવિએ રચેલ ગીતો, કાવ્યોનું ગાન કરવામાં આવ્યું હતું. જેમાં હિંમતનગર,મમતા દિવ્યાંગ વિદ્યા વિહાર સંચાલક જયંતીભાઈ પટેલ, કેળવણી મંડળના પ્રમુખ ચિમનભાઈ, મંત્રી જગદીશભાઈ જોષી, સહમમંત્રી દિનેશભાઈ ભટ્ટ, કોલેજના પ્રિન્સિપાલ ડૉ.કલ્પનાબેન, પ્રાથમીક શાળા આચાર્ય, સ્ટાફ પરીવાર,વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં ભવ્ય પ્રસંગની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.ભીખાભાઈ પટેલએ કર્યુ હતું.

### મેઘરજ તાલુકા ગાયત્રી પરીવાર દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી

મેઘરજ તાલુકામાં ગુરૂપૂર્ણિમાં નિમિત્તે મેઘરજ તાલુકા ગાયત્રી પરિવાર દ્વારા ગુરૂ પુજનના કાર્યક્રમનું ભવ્યતાથી મેઘરજ ગાયત્રી પ્રજ્ઞાપીઠ ખાતે આયોજન કરવામાં આવેલ જેમાં સૌ પ્રથમ ૧૧ કુંડી ગાયત્રી હવન તથા ક્રમશઃ ગુરૂ પુજન, વૃક્ષારોપણ તથા ત્યારબાદ મહા પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મેઘરજ તાલુકાના ૫૬૦ ભક્તોએ ભાગ લઈ ભગવાનના આર્શીવાદ પ્રાપ્ત કર્યા હતા. મેઘરજ ગાયત્રી પ્રજ્ઞાપીઠના પ્રમુખ અશોકભાઈ ઉપાધ્યાય, મેઘરજ તાલુકા યુવાક્રાંતિ દળના સભ્યો, નગરના અગ્રણી પરીજનો દ્વારા ગાયત્રી હવન, સમુહ આરતીમાં સહભાગી બન્યા હતા. રાત્રીના સમયે મેઘરજ સુંદરકાંડ પરીવાર દ્વારા સુંદરકાંડ પાઠનું પણ આયોજન કરી આજના ગુરૂપૂર્ણિમાના પ્રસંગે ભક્તિના સ્ત્રોતમાં વધારો કરવામાં આવ્યો હતો. જેમાં અરવિંદભાઈ પંડ્યા, ઘનશ્યામભાઈ ઉપાધ્ય, જગદીશભાઈ ચૌહાણ તેમજ મેઘરજ નગરના સમાજ સેવક કનુભાઈ પરમારની ઉપસ્થિતિમાં ૭૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા હતા.

### મોટી ડેમાઈમાં મહિલાને ત્રાસ આપતા પાંચ સામે ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના મોટી ડેમાઈ ગામે રહેતા યામીનીબેન ભાવેશભાઈ પટેલને છેલ્લા કેટલાક સમયથી પરિવારજનો દ્વારા પિયરમાંથી પૈસા લઈ આવવા તથા ચારિત્ર્ય પર વહેમ રાખી મારઝુડ કરવામાં આવતી હતી. દરમિયાન રવિવારે યામીનીબેનને પતિ ભાવેશભાઈ ચીમનભાઈ પટેલ, સાસુ શારદાબેન ચીમનભાઈ પટેલ, દિયર સંજયભાઈ ચીમનભાઈ પટેલ અને દેરાણી સોનલબેન પટેલ સહિત વિષ્ણુભાઈ ચીમનભાઈ પટેલે ગડદાપાટુનો માર મારી ત્રાસ આપ્યો હતો. જેથી યામીનીબેને પાંચેય જણા વિરૂદ્ધ સોમવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### મહુવાના ખેતરમાંથી ઢોર લઈ જવા બાબતે ઝઘડો

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના મહુવાના ખેતરા ગામે રહેતા ઈશ્વરભાઈ બળદેવભાઈ ખરાડી અને ગામના જ સોનાજી શિંગરાજી ખરાડી, અર્જુનભાઈ સોનાજી ખરાડી, રાજેન્દ્રભાઈ સોનાજી ખરાડી અને પ્રભુભાઈ સોનાજી ખરાડી સાથે સોમવારે ખેતરમાંથી ઢોર લઈ જવા બાબતે ઝઘડો થતાં ચારેય જણાએ અહીં હાજર રહેલ બળદેવભાઈને તથા રમેશભાઈ, ઉર્મિલાબેન અને જીવાજીને માથામાં કુહાડી મારી ઈજા પહોંચાડી હતી. જેથી ઈશ્વરભાઈ ખરાડીએ ચારેય જણા વિરૂદ્ધ સોમવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### મુજપુર ગામે ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી

હારીજ પાસેના મુજપુર ગામે ત્રિકમ સાહેબની જગ્યામાં ગુરૂ પૂર્ણિમાના મહાપર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંત ત્રિકમ સાહેબની જગ્યામાં સતગુરૂ શંકરહંસ મહારાજની સાનિધ્યમાં ગુરૂપૂર્ણિમાના દિવસે ભાવિક ભક્તોએ ગુરૂઓને કુમકુમ તિલક કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ભજન સતસંગ અને કિર્તનમાં નાનકદાસજી, બાલકદાસજી, છગનદાસજી, પુરૂણદાસજી તથા કિસનદાસજી પોતાની ભક્તિની નવિન રચનાઓથી શિષ્યગણને ભક્તિભાવથી તરબોળ કરી દીધા હતા.

ઉનાવાથી ઉપસ્થિત ભાવીક ભક્તોએ મહંત શંકરહંસજી ડૉ. રતનદાસજી બાપુ, ત્રિકમદાસજી બાપુ, વિગેરે સદગુરૂઓને કુમકુમ તીલક કરી ગુરૂના આશીર્વચન લીધા હતા. મુજપુર ત્રિકમ સાહેબની જગ્યામાં ભક્તિની સાથે સાથે સદભાવના અને પરોપકારના કાર્યો પણ થતા જોવા મળે છે. જેમાં વ્યસનમુક્તિ ઝુંબેશ તેમજ દવાખાનું પણ ચલાવવામાં આવે છે. ગરીબ દર્દીઓને વિનામૂલ્યે દવાઓ પણ આપવામાં આવે છે.

### વાત્રક ગઢગામ પ્રા. શાળામાં ગૌરીવ્રત નિમિત્તે બાળાઓને સૂકા મેવાનું વિતરણ

બાયડ તાલુકાની વાત્રકગઢ ગામ પ્રા. શાળા ખાતે ગૌરીવ્રત નિમિત્તે બાલીકાઓને સૂકામેવા અને બિસ્કિટ વિતરણ કરવામાં આવ્યુંહતું. આ સમયે જાયન્ટસ સહેલી પ્રમુખ રૂપલબેન પટેલ, પાસ્ટ સહેલી પ્રમુખ ભારતીબેન સોની અને જાયન્ટસ પાસ્ટ પ્રમુખ ધર્મેશભાઈ સોનીએ બાળકોની સાથે હાજર રહી આનંદમયી-પ્રેમભર્યા અને ઉલ્લાસનું વાતાવરણ ઉભુ કર્યુ હતું. સાથે સાથે મહેંદી હરિફાઈ, ચિત્ર સ્પર્ધા તેમજ વૃક્ષારોપણ જેવા કાર્યક્રમ પણ રાખવામાં આવેલ હતા. છેલ્લે બાળકોને સારી મહેંદી અને સારા ચીત્રો દોરવા બદલ પ્રોત્સાહિત પણ કરવામાં આવેલ હતા. કાર્યક્રમની વચ્ચે શાળાના મીરાબેન જહા દ્વારા બાળાઓને ગૌરીવ્રત અને જયા પાર્વતીના વ્રતનું મહત્વ સમજાવેલ હતુ અને તેને કેમ અને કેવી રીતે કરવામાં આવે છે તે વિધી પણ બતાડેલ હતી. આ પ્રસંગે રાજુભાઈ અને વાત્રક ગઢગામ શાળા પરિવારના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ પણ આ એનજીઓના કાર્યોને બિરદાવ્યા હતા. આવા ઊંડાણના વિસ્તારમાં આવી આ ગ્રુપે ખુબજ મોટી સમાજ સેવાનું કાર્ય પુરૂ પાડેલ છે.

કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય ચંદ્રીકાબેન પટેલ અને શાળા સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. આખાય સમગ્ર સમારોહનું સફળ અને સુંદર સંચાલન જાયન્ટસ પાસ્ટ પ્રમુખ ધર્મેશભાઈ સોનીના મિત્ર તેમજ કાર્યક્રમના કન્વિનર અને શાળાના ઉપ શિક્ષક બારોટ પંકજકુમારે કરેલ હતુ.

## ભિલોડામાં બજારો સજ્જડ બંધ : દલિતો પર અત્યાચારના વિરોધમાં મામલતદારને આવેદનપત્ર

ભિલોડા,તા.૨૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના દલિત સમાજ ધ્વારા દલિતો પર અત્યાચાર વિરોધમાં ભિલોડા



મામલતદાર જી.કે.પટેલને ભિલોડા તાલુકાના દલિત સમાજના આગેવાનો યોગેશભાઈ બુધ્ધ, અમરતભાઈ પરમાર, વાલજીભાઈ પરમાર, બાબુભાઈ પરમાર, દિલીપભાઈ પરમાર, અળખાભાઈ સોલંકી, શાંમળભાઈ ભાંભી, ભરતભાઈ પરમાર, હસમુખભાઈ પરમાર, મહેન્દ્રભાઈ પરમાર, ભુપેશભાઈ પરમાર, નિકુંજભાઈ પરમાર, કેતનભાઈ પંડ્યા, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, ડુંગરસિંહ રાઠોડ સહિત અગ્રણીઓ ધ્વારા આવેદનપત્ર અપાયું હતું. ભિલોડામાં વેપારીઓ ધ્વારા દુકાનો બંધ કરાતાં બજારોમાં સજ્જડ બંધ રહ્યા હતા. ગીર સોમનાથ જીલ્લાના ઉનાના મોટા સમઢીયાળા ગામમાં ચાર દલિત યુવાનોને કાર સાથે બાંધીને લાકડીઓ વડે ફટકારવાની અત્યંત ધૃણાસ્પદ ઘટનામાં આરોપીઓ સાથે સખત કાર્યવાહી ના થતાં વ્યથિત પાંચ દલિતો યુવાનોએ ઝેરી દવા પી લીધી હતી. જામકંડોરણમાં બે દલિત યુવાનોએ ઝેરી દવા પી લઈ આત્મવિલોપનનો પ્રયાસ કરતાં દલિત સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. આ ઘટનાને દલિત સમાજએ સખત શબ્દોમાં વખોડી કાઢી હતી.



દલિત સમાજ ધ્વારા આ આરોપીઓ વિરુધ્ધ પાસા સહિતના કડક પગલા લેવા માંગ કરાઈ રહી છે.

સરકાર દલિતના હિતોની વાતો કરે છે ત્યારે ગુજરાતમાં દલિતો પર આવો અત્યાચાર થઈ રહ્યો હોઈ ન્યાય નહી મળે તો ગાંધીચિધ્યા માર્ગે જલદ આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.





### મેઘરજમાં દલિત સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું

મેઘરજ નગરમાં દલિત સમાજ દ્વારા જુના બસસ્ટેન્ડથી રેલી સ્વરૂપે મામલતદાર કચેરી સુધી જઈ મામલતદારને આવેદનપત્ર અપાયું હતું. ગીર સોમનાથના ઉના તાલુકાના મોટા સમઢીવાળા ગામે દલિત સમાજના યુવાનો ઉપરના અત્યાચારના પડઘા મેઘરજ નગર સુધી પડ્યા છે. ગુરૂવારે ૧૨ વાગ્યાના સમયે મેઘરજ તાલુકાનો દલિત સમાજ મેઘરજ જુના બસસ્ટેન્ડ પાસે એકત્રિત થઈ ત્યાંથી રેલી સ્વરૂપે મામલતદાર કચેરી જઈ મામલતદાર આર.કે. ઓઝાને આવેદનપત્ર પાઠવ્યું જેમાં જણાવ્યું હતું કે ઉનાના સમઢીવાળા ગામેના અત્યાચારના વિરોધમાં અને આ અત્યાચારીઓને સખત કાયદાકીય કાર્યવાહી કરવા બાબતે સમર્થનમાં આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં મેઘરજ તાલુકાના દલિત સમાજના અગ્રણી બાબુભાઈ કે. સુતરીયા, સવજીભાઈ પરમાર, કાન્તિલાલ વણકર, લવજીભાઈ પરમાર, કે.કે. પરમાર તેમજ યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ અધિકારીઓ અને સ્ટાફે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.

## તલોદમાં ચાતુર્માસ કરવા પધારેલા પૂ. લક્ષ્મીભૂષણ માતાજીનું ભવ્ય સ્વાગત

તલોદ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના તાલુકામથક તલોદનગર ખાતે ચાતુર્માસ કરવા પધારેલા માતાજી અને દીદીજીના મંગલ પ્રવેશ પ્રસંગે



તલોદ પંથકના દિગંબર જૈન મુનિપંથી પરિવારોએ ભવ્ય સામૈયુ કરી જયજયકાર કર્યો હતો. તલોદ ખાતે ચાલુ સાલે ચાતુર્માસનો ભાવિકોને મળેલ આ લ્હાવો એ ૨૪મો વર્ષાયોગ છે. તલોદ ખાતે ચોમાસાના ૪ માસ સુધી બિરાજમાન થઈને માતાજી અબાલવૃદ્ધ જૈન-જૈનેતર ધર્મપ્રેમીઓને અમૂલ્ય શાસ્ત્રોક્ત જ્ઞાનનું રસપાન કરાવશે.

આજે તલોદ ખાતે પ.પૂ. આચાર્ય ૧૦૮ વિદ્યાભૂષણ સન્મતિ સાગરજી મહારાજના પરમ શિષ્યા આર્યિકા ૧૦૫ લક્ષ્મીભૂષણ માતાજીએ વર્ષાયોગ-૨૦૧૬ પ્રસંગે તલોદ નગરમાં ભવ્ય મંગલ પ્રવેશ કર્યો હતો. તેઓ સાથે એક બ્રહ્મચારી દીદીજીનું પણ આગમન થયું છે. પૂ. માતાજીના મંગલ પ્રવેશ પ્રસંગ બાદ ચાતુર્માસ કળશ સ્થાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિક પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. સમારોહનું આયોજન ચાતુર્માસ કમિટિએ યુવાભક્તોના સથવારે કર્યું હતું.

આ પ્રસંગે ચાતુર્માસ સ્થાપના કળશની બોલીમાં તલોદના જૈન શ્રેષ્ઠીઓએ દાન સરિતા વહાવી હતી. પ્રથમ કળશ વિદ્યાલક્ષ્મી માટે રૂ. ૨,૫૧,૫૫૫ સાથે કાન્તિલાલ કેશવલાલ શાહ પરિવાર વતી બિપિનભાઈ, મુકેશભાઈ અને પરેશભાઈએ બોલી મેળવી હતી. દ્વિતિય કળશ જ્ઞાન લક્ષ્મી માટે રૂ. ૧,૭૧,૭૭૭ની બોલી ચંપકલાલ ડાહ્યાલાલ શાહ પરિવાર વતી ચંદ્રેશભાઈ તથા સેજલબેને મેળવી હતી. જ્યારે અંતિમ કળશ ચારિત્ર લક્ષ્મીનો ચડાવો રૂ. ૨,૧૧,૧૧૧ સાથે મણીલાલ છોટાલાલ શાહ પરિવાર વતી સુભાષભાઈએ તથા સુનિલભાઈ ધાર્મિક લાભ મેળવ્યો હતો.

## મહેસાણામાં ગુજરાત બંધનું એલાનને મિશ્ર પ્રતિસાદ

સૌરાષ્ટ્રના ઉનામાં કેટલાક દલિત સમાજના યુવાનો પર ગુજારાયેલ અત્યાચારના વિરોધમાં ભારતીય દલિત પેન્થર્સ દ્વારા આજે અપાયેલ ગુજરાત બંધના એલાનનો મહેસાણા જિલ્લામાં મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો હતો. જિલ્લાના મોટા ભાગના શહેરો, નગરો, ગામડાઓમાં બંધની ખાસ અસર વર્તાઈ ન હતી અને બજારો રાબેતા મુજબ ખુલ્લા રહ્યા હતા.

દરમિયાન ઉનામાં થયેલ દલિત યુવા અત્યાચાર મામલે આજે દલિત અત્યાચાર વિરૂદ્ધ સ્વાધિકાર રેલીનું મહેસાણા ખાતે આયોજન થયું હતું. બપોરના સમયે તોરણવાળી માતાના ચોકમાં દલિત સમાજની રેલી યોજાઈ હતી. જયભીમના નારા સાથે નીકળેલ રેલીમાં દલિત સમાજના આગેવાનો યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ગુજરાત બંધના એલાન છતાં શહેરમાં બજારો ખુલ્લા રહેતા ટોળાએ તોરણવાળી માતાના ચોકથી બસ સ્ટેશન રાજમહેલ રોડ વિસ્તારની તમામ દુકાનો બંધ કરાવી દીધી હતી. આ રેલીને કોંગ્રેસનું પણ સમર્થન મળ્યુ હતુ. દલિત સમાજના ટોળાએ શહેરના મોઢેરા ચોકડી આગળ ચક્કાજામ કર્યો હતો. જેથી વાહનોની લાંબી કતાર લાગી હતી.

દરમિયાન જિલ્લાના ખેરાલુમાં ઉનાની ઘટનાના પડઘા પડ્યા હતા. અહીં પણ દલિત સમાજના લોકોનું ટોળુ રસ્તા પર ઉતરી આવ્યુ હતુ અને અત્યાચારની ઘટનાને શખ્ત શબ્દોમાં વખોડી કાઢી હતી.

## ડીસામાં મહિલા સરકારી વકીલનો સન્માન સમારોહ યોજાયો

ડીસા, તા. ૨૧

ડીસા શહેરના ગવાડી વિસ્તારમાં લઘુમતિ કોમની વસ્તી છે. જ્યાં બહેનોમાં શિક્ષણનું પ્રમાણ ખુબ જ અલ્પ છે. ત્યારે આવા સમાજમાંથી સ્વબળે આગળ આવી તાજુબેન કુરેશી નામના મહિલા વકીલે સરકારી વકીલની પરીક્ષા પાસ કરી બેટી બચાવો, બેટી પઢાવોનું તાદશ્ય ઉદાહરણ પુરૂ પાડી સમગ્ર ડીસા શહેર લઘુમતિ સમાજનું ગૌરવ વધારતા લઘુમતિ સમાજના ભાઈઓ દ્વારા રામપુરા મઠના કારભારી અને સંતશ્રી નિર્મલપુરીજી માતાજીની વિશેષ ઉપસ્થિતિમાં સરકારી વકીલ તાજુબેન કુરેશીનો સન્માન સમારોહ યોજાયો હતો. શહેરમાં વસતા લઘુમતિ સમાજમાંથી સૌપ્રથમવાર સરકારી વકીલ બનેલા મહિલા વકીલ તાજુબેન કુરેશીના સન્માન સમારોહ પ્રસંગે સંત નિર્મલપુરી માતાજીને ખાસ આમંત્રણ આપી આથી મુસ્લિમ ભાઈઓએ એક હિન્દુસંત અને નારી શક્તિને મહત્વ આપ્યું હતું.